**૧૫ માં જ્ઞાનસત્રમાં ૨ દિવસમાં ૫૦ જેટલા વિષયમાં ૬૫ શિક્ષકોએ જ્ઞાનનું આદાન પ્રદાન કર્યુ.**

* ૩૩ વિશ્વની મહાન હસ્તીઓ જેવી કે, આચાર્ય ચાણકય, રાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી,રવિન્દ્રનાથ ટાગોર, અબ્રાહમ લિંકન, સિંકદર, નેપોલીયન બોનાપાર્ટ, લેનીન, સમ્રાટ અશોક, મહારાણી વિકટોરીયા,ગાંધીજી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ,ચાર્લીચેપ્લીન, મીસ્ટર બીન જેવા **<u>૩૩ વિશ્વની મહાન વિભૂતિઓના જીવનચરિત્ર</u>** અને તેના કાર્યની ચર્ચા કરી હતી.શિક્ષણક્ષેત્રે વિશિષ્ટ વ્યકિતઓ જેવી કે જહોન ડયૂઇ, પાવલોવ, સ્કીનર, જીક જેક રૂસો, હેરીપોટર, પ્લેટો, શેકસપીયર જેવા મનોવૈજ્ઞાનિક ઓમકારનાથ, કનૈયાલાલ મુનશી જેવા સાહિત્યકાર .
* સફળ બીઝનેસમેન જેવા કે ધીરુભાઇ અંબાણી, રાકેશ ઝુનઝુનવાલા, રતન ટાટા, ફાલ્ગુની નાયર, શ્રીનિવાસ રામાનુજન ( ગણિત શાસ્ત્રી ) તથા સ્ત્રી શિક્ષણ માટે સંઘર્ષ કરનાર મલાલા યુસુફ.
* હાર્વર્ડ યુનિવર્સિટી, ઓક્ષફર્ડ યુર્નિવસિર્ટી, કેમ્બ્રીજ યુર્નિવસિટી, શિકાગો યુનિવર્સિટી, નાલંદા વિદ્યાપીઠ, તક્ષશિલા વિદ્યાપીઠ, પેન્સિલવેનિયા, IIM , IIT જેવી **<u>૧૦ વિશ્વવિદ્યાલયની સ્થાપના , કાર્ય અને તેની વિશેષતાઓની</u> ચર્ચા કરી.**
* ભારતના નોબેલ પારિતોષિક વ્યકિતઓ, પદ્મશ્રીઓ અને તેનું જીવન ,૧૯૪૭ પહેલાંની ૧૦ શકિતશાળી મહિલાઓ અગેની ચર્ચા કરી.
* સંશોધન ક્ષેત્રે આપણે કયાં અને હવે પછી શું? આજના શિક્ષણના પડકારો અને ઉપાયો,દસ વર્ષ પહેલાંનું અને પછીનું શિક્ષણ, ભારતમાં વિજ્ઞાનની ઉજજવળ પરંપરા ,મને બધુ આવડે છે પણ પરીક્ષાનું યાદ રહેતું નથી , આજના માતા પિતાની સમસ્યા અને તેના ઉકેલો ,મોબાઇલમાં જલ્દી અપગ્રેડેશન થાય છે, પણ શિક્ષણમાં કેમ નહી જેવા વર્તમાન પ્રશ્નો ની લોકભોગ્ય વિષયો પર ચર્ચા કરવામાં આવી.

આ બે દિવસ દરમિયાન શાળાનાં શિક્ષકો દ્વારા "આવનારા ભવિષ્યમાં વિદ્યાર્થીઓનું કેવી રીતે જીવન ઘડતર કરવામાં આવશે ?" એનું ચિંતન, મનન અને મનોમંથન કરવામાં આવ્યું.

**<u>૧૫માં જ્ઞાનસત્રમાં જ્ઞાનનું આદાન પ્રદાન થયું જેમાં શાળામાં આવનાર</u>**
**<u>દસ વર્ષમાં વિદ્યાર્થીઓ કેવા હશે? તે વિષય પર ચર્ચા કરવામાં આવી.</u>**

**<u>ફલિતાર્થઃ</u>**

- કાચાને પાકા કરો, પાકાને પારંગત કરો. અનિયમિતતા, આળસુ જેવી કુટેવો ને દૂર કરી શ્રેષ્ઠ બાળકો બનાવવા પ્રયત્ન કરીશું.
- બાળકોની ખામી શોધી તેને દૂર કરવી. બાળકમાં રહેલી ખૂબીઓ શોધી કાઢી તેને કંડારવી.
- બાળકોમાં વાંચન કૌશલ્ય વધારવું જોઇએ.
- વિદ્યાર્થી ને જ્ઞાનના અગાધ ઉંડાણમાં લઇ જશે.નોબેલ પારિતોષિક,પદ્મશ્રી દ્વારા વિદ્યાર્થીઓને કેવા બનવું ,તેનું માર્ગદર્શન મળી રહે.
- શાળાના શિક્ષકો જ્ઞાનથી સમૃધ્ધ બનશે.
- આ શાળામાં સપના કરો સાકાર , બાલિકા કેન્દ્ર , જીવન કૌશલ્ય ,બાલવાટિકા ,પ્રોજેકટ પ્રદર્શન જેવા નવતર પ્રયોગોને વધુ સમૃધ્ધ બનાવશે.
- મહાન વ્યકિતઓ તેમના જીવનમાં આવેલા પડકારો , કઠિનાઇઓ સાથે માર્ગ કાઢી કેવી રીતે આગળ વધ્યા તેવી બાબતો થી વાકેફ કર્યા.જેથી તેઓ આવનાર સમયમાં હતાશ ન થાય અને આગળ વધી શકે.
- બિમારીઓ જેવી કે હડકવાની તકલીફ, નાની ઉમરમાં ટયુમર, કેન્સર, બેક પેઇન જેવી તકલીફો સામે લડીને માનસિક રીતે મજબૂત બની આગળ કેમ વધવું તે શીખવવું.
- શારીરિક અને માનસિક તકલીફો પર સંયમ અને કાબૂ રાખીને શારીરિક રીતે નબળા બાળકોને આગળ કેમ વધારવા તે અંગે શિક્ષકોને માર્ગદર્શન મળ્યું.



**૨૯/૧૦/૨૨ કાનુની જાગૃતિ કાર્યક્રમ/શિક્ષણ શિબિર:** રાષ્ટ્રીય કાનૂની સેવા સતા મંડળ,ભરૂચ તથા તાલુકા કાનૂની સેવા સતામંડળ,ભરૂચ દ્વારા **POCSO** ઉપરાંત વિવિધ પ્રકારના બાળકો સાથે આચરવામાં આવતાં ગુનાઓ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો. જે અંતર્ગત **શ્રીમતી તારાબેન, જિગીશાબેન, અલ્લારખાભાઇ** એ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ યોજાયો.



**૧૬/૧૧/૨૨ પ્રેરણાત્મક વકતવ્ય: મા.શ્રી વિરલભાઇ દેસાઇ** (વિશ્વ હિંદુ પરિષદ પ્રવકતા) : શાળાના પ્રાર્થના સંમેલનમાં ઘર અને મકાન બંનેમાં ભેદ સમજાવવા અંગે પોતાનું વકતવ્ય આપ્યું. ઘર એ જીવંત તત્વ છે જયારે મકાન એ મૃત તત્વ છે. ઘરના બધા જ સભ્યો આંતરીક રીતે એકબીજા સાથે જોડાયેલા હોય તેને જ જીવંત ઘર કહેવાય તેમણે આદર્શ ઘરના માપદંડ કેવા હોવા જોઇએ તેની ચર્ચા કરી.



-ઘરના આંગણામાં પ્રવેશતા જ તુલસી નો છોડ જોવા મળે તેવી વ્યવસ્થા હોવી જોઇએ.તુલસી ના છોડ દ્વારા ઘરમાંથી નેગેટીવ એનર્જી દૂર થાય છે.

-ઘરના બારણે આંબો અને આસોપાલવના તોરણ બાંધવાથી નેગેટીવ એનર્જી દૂર થાય છે.તેમજ ઘરમાં ઓકિસજનનું પ્રમાણ વધે છે.

-ઘરમાં સવારે ઉઠી ને, જમતી વખતે તેમજ રાત્રે બધા સભ્યોએ મંત્રો બોલવા જોઇએ.

-ઘરમાં ભકિતમય સંગીત સાંભળવું જોઇએ.

**Learning is never done without errors & defeat**

**૩૦/૭/૨૨ આંતર રાષ્ટ્રીય સિદ્ધિ:** શાળાનાં ડાયરેકટર અને નોનગ્રાન્ટેડ વિભાગનાં પ્રિન્સિપાલ **ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ**ને **The Gandhi Peace Foundation Nepal, LONDON- UK-2022** દ્વારા શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ યોગદાન બદલ લંડન **UK** માં **Gandhi Nobel Peace Award** થી સન્માનિત કરાયાં હતાં આ સાથે યુ..કે. પ્રવાસ દરમિયાન ઓકસફર્ડ યુનિ., કેમ્બ્રીજ યુનિ. તથા હેરિપોટરની જુદી-જુદી જગ્યાએ તથા લંડનની રાણીનો મહેલ તથા સ્વામી નારાયણ મંદિરની મુલાકાત લીધી હતી.







**૯/૧૨/૨૨ ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિને ઇન્ડોનેશિયાના બાલી ખાતે એજયુકેશન એકસેલન્સ** એવોર્ડ એનાયત કરાયો. શૈક્ષણિક ક્ષેત્રે ભરૂચ ઉપરાંત ગુજરાતમાં એક આગવું નામ ધરાવતાં ભરૂચની નારાયણ વિદ્યાલયના ડાયરેકટર **ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ** ને ઇન્ડોનેશિયાના બાલી ટાપુ ખાતે ઇન્ડો બાલીનીઝ એચિવર એવોર્ડ ફોર એજયુકેશન એકસેલન્સ પ્રાપ્ત કરી ભરૂચ અને ગુજરાતને ગૌરવ અપાવ્યું છે તેઓ શિક્ષણના ક્ષેત્રે એક આગવી ઓળખ ધરાવે છે. ૧૩ વર્ષ શિક્ષક અને ૨૨ વર્ષ આચાર્ય તરીકેનો બહોળો અનુભવ ધરાવતા **ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ** હાલ ભરૂચની નારાયણ વિદ્યાલયમાં ડાયરેકટર તરીકે સેવા આપે છે. શૈક્ષણિક ક્ષેત્રે નવતર પ્રયોગો કરી વિદ્યાર્થીઓના શિક્ષણમાં પ્રાણ ફૂંકવાના તેમણે પ્રયાસો કર્યા છે. શૈક્ષણિક હેતુસર તેમણે અત્યાર સુધીમાં ૧૬ જેટલાં દેશોનો પ્રવાસ કર્યો છે. અનેક દેશોએ એજયુકેશન એકસલેન્સ એવોર્ડથી તેમને સન્માનિત કર્યા છે. તાજેતરમાં ઇન્ડોનેશિયાના બાલી ટાપુ ખાતે એક એવોર્ડ સમારોહમાં એસોસિએશન ફોર એજયુકેશન ઇકોનોમિક ગ્રોથ દ્વારા ભારતના વિવિધ ક્ષેત્રના ૧૬ જેટલાં તજજ્ઞોને સન્માનિત કરાયા હતાં. જેમાં બાલીના અધ્યક્ષ **વાય.એન. સુકર્તા**, પૂર્વ ડિપ્લોમેટ એમ્બેસેડર **ડૉ. વી.બી. સોની** અને ઓફીસ ઓફ કોન્સ્યુલેટ જનરલ ઓફ ઇન્ડિયા ટુ બાલી વાઇસ ચાન્સેલર **લોકેશ કુમાર**ની હાજરીમાં **ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ**ને ઇન્ડો બાલીનીઝ એચિવર એવોર્ડ ફોર એજયુકેશન એકસેલન્સનો એવોર્ડ એનાયત કરી સન્માનિત કરાયાં હતાં. ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિએ બાલી ટાપુ અંગે જણાવ્યું કે, અખંડ ભારતના ૧૫ જેટલાં વિભાજન થયાં હતાં. તેમનો એક ભાગ એટલે બાલી છે. બાલીમાં ૮૦ ટકા હિન્દુ ધર્મ સાથે જોડાયેલા લોકો છે. બાલી ટાપુ ચારે તરફ અફાટ સમુદ્રની વચ્ચે અપાર કુદરતી સંપત્તિ ધરાવે છે. ભગવાન બુદ્ધ સહિત વિવિધ દેવ-દેવીઓના અનેક વિશાળ મંદિરો અહી જોવા મળે છે. લોકો શાંત અને શ્રધ્ધાળું છે. બાલીમાં મોટા ભાગે હનુમાનજીની મૂર્તિઓ છે. જે જોતાં રામાયણ કાળ સાથે બાલીનું જોડાણ હોય તેમ લાગે છે.